Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## :: કાર્યવાહી ::

અનુસ્નાતક શિક્ષણ મંડળ **(Board of University Teaching)** ની સભા શુક્રવાર તા.૨૨–૦૨–૨૦૧૯ ના રોજ બપોરે ૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિ રૂમ નંબર : ૨૦૫ માં મળી હતી, જેમા સભ્યોની હાજરી નીચે મુજબની હતી.

| સભ્યશ્રીઓના નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ૧. ડો. શિવેન્દ્ર ગુપ્તા (મા.કુલપતિશ્રી) | હાજર |
| ૨. ડો. ભાસ્કરભાઈ રાવલ (મા.ઉપકુલપતિશ્રી) | હાજર |
| ૩. ડો. હેમાલીબેન એ. દેસાઈ | હાજર |
| ૪. ડૉ. વિજયકુમાર એ. જોષી | હાજર |
| ૫. ડો. જયેન્દ્રસિંહ પી. ગોહિલ | હાજર |
| ૬. ડો. જયદીપભાઈ ચૌધરી | ગેરહાજર |
| ૭. ડો. સ્નેહલભાઈ કે. જોષી | ગેરહાજર |
| ૮. ડો. વિપુલભાઈ આર. શાસ્ત્રી | હાજર |
| ૯. ડો. સંજયભાઈ જી. મણિયાર | હાજર |
| ૧૦. ડો. ભાવીનભાઈ આર. નાયક | હાજર |
| ૧૧. ડો. અજયભાઈ એન. પટેલ | ગેરહાજર |
| ૧૨. ડો. રાકેશ એન. દેસાઈ | હાજર |
| ૧૩. ડો. એસ.એસ. રાવ | ગેરહાજર |
| ૧૪. ડો. પ્રિતીબેન કે. ગર્ગ | ગેરહાજર |
| ૧૫. ડો. કે.સી. પોરિયા | હાજર |
| ૧૬. ડો. એન. બી. પટેલ | હાજર |
| ૧૭. ડો. એમ. એન. ગાયકવાડ | હાજર |
| ૧૮. ડો. અપુર્વભાઈ એ. દેસાઈ | હાજર |
| ૧૯. ડો. રાજેન્દ્રભાઈ બી. પટેલ | હાજર |
| ૨૦. ડો. આર.ડી. પટેલ | હાજર |
| ૨૧. ડો. વિપુલભાઈ જે. સોમાણી | હાજર |
| ૨૨. ડો. કપિલાબેન મનોજ | હાજર |
| ૨૩. ડો. કિરણભાઈ એમ. પંડયા | ગેરહાજર |
| ૨૪. ડો. રેણુકાબેન ગર્ગ | હાજર |
| ૨૫. ડો. શરીફાબેન વીજળીવાળા | ગેરહાજર |
| ૨૬. ડો. કલ્પનાબેન ટી. રાવ | ગેરહાજર |

**(૧)** અનુસ્નાતક શિક્ષણ મંડળ (Board of University Teaching) ની તા.૧૭–૦૫–૨૦૧૮ અને તા.૦૧–૦૬–૨૦૧૮ની કાર્યવાહીને બહાલી આપવા અંગે.
(અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૭–૦૫–૨૦૧૮ અને તા.૦૧–૦૬–૨૦૧૮ની કાર્યવાહી સભ્યશ્રીઓને તા.૧૫–૦૬–૨૦૧૮ના રોજ પરિપત્રીત કરી જો કાર્યવાહીમાં સુધારા વધારા હોય તો તા.૨૯–૦૬–૨૦૧૮ સુધીમાં યુનિવર્સિટીને જાણ કરવા જણાવેલ હતું. નિયત સમયમાં સભ્યશ્રીઓ ધ્વારા કોઈ સુધારા સૂચવેલ નથી.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળ (BUT) ની તા.૧૭–૦૫–૨૦૧૮ અને તા.૦૧–૦૬–૨૦૧૮ની કાર્યવાહી સર્વાનુંમતે મંજુર કરવામાં આવે છે.**
**(કાર્યવાહી મંજુર થયેથી માન.કુલપતિશ્રી દ્રારા કાર્યવાહી પર સહી કરી.)**

**(૨)** બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીંગ પર સ્ટેસ્ટયૂટ (૧૩૪) ની નીચેની જોગવાઈ અન્વયે ૩ તજજ્ઞની નિયુકિત બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીંગ દ્વારા કરવાની હોય જે નિયુકતી કરવા વિચારણા કરવા બાબત....

**Statute 134 : (b)**

Board of University Teaching (Under section 42 (2) of the south gujarat Universty Act.) (i) Constitution Statute 134 :

(b) The Board of University Teaching shall consist of - The Board may at is first meeting after its constitution or reconstitution co-opt not more than three experts from this or any other University.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીંચીંગ પર statute 134 (b) અન્વયે નીચેના ૩ તજજ્ઞોને (Expert) ચાલુ ટર્મની બાકીની સમય અવધિ અથવા ૬૨ વર્ષ એ બે માંથી જે પ્રથમ હોય તે સમય સુધી કો–ઓપ્ટ કરવામાં આવે છે.**
**(૧) આ.(ડૉ.) પૃથુલભાઈ દેસાઈ**
**(૨) આ.(ડૉ.) મધુકર એસ. પાડવી**
**(૪) આ.(ડૉ.) વિનોદચંદ્ર એન. પટેલ (નવયુગ કોમર્સ કોલેજ)**

**(૩)** શ્રી ક્ષિપ્રા એસ.આગ્રે (IAS) જિલ્લા વિકાસ અધિકારી, ભરૂચએ બી.ટેક.(સીવીલ)ની પરીક્ષા યુનિવર્સિટી ઓફ પૂનેથી મે–૨૦૦૯ માં પૂર્ણ કરેલ છે. અને તેઓ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯માં એમ.એ. ગુજરાતીમાં (એક્ષટર્નલ) પ્રવેશ લેવા માંગે છે. તો સદર વિદ્યાર્થીની ફેકલ્ટી બદલી આપણી યુનિવર્સિટીમાં એમ.એ. ગુજરાતી (એક્ષટર્નલ)ના અભ્યાસ માટે પ્રવેશ પાત્ર છે કેમ તે અંગે આર્ટસ ફેકલ્ટીના ડીનશ્રીને અભિપ્રાય પૂછાવતાં તેમણે ફેકલ્ટી બદલાતી હોય, નીતિવિષયક બાબત છે. આથી B.U.T./A.C. માં મૂકવા ભલામણ કરેલ છે. આથી આ બાબતે વિદ્યાર્થીની પ્રવેશપાત્રતા અંગે વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી ક્ષિપ્રા એસ.આગ્રેની એમ.એ. ગુજરાતી (એક્ષટર્નલ)માં પ્રવેશ આપવાની વિનંતી અરજીકર્તાનો સ્નાતક અભ્યાસ બી.ટેક (સીવીલ) હોય, જે ધ્યાને લઈ ગ્રાહય રાખવી નહી.**
**વધુમાં ઠરાવવામાં આવે છે કે, અરજીકર્તા ઉમેદવારની બાબતને અધિકાર મંડળમાં રજુ કર્યા સમયે નામનો જ ઉલ્લેખ કરવો, હોદ્દા નો ઉલ્લેખ કરવો નહી.**

**(૪)** The proposal of up-gradation of the "Diploma in International Business Management" course run by the department.(A copy of latter attached) ચર્ચા કરવા બાબત.

<u>**મેનેજમેન્ટ વિદ્યાશાખાની તા.૦૯/૦૮/૨૦૧૮ની સભાનાં ભલામણ ક્રમાંકઃ ૨**</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, હાલમાં "Diploma in International Business Management" course ચાલે છે તે અભ્યાસક્રમને "P.G. Diploma in International Business Management" course માં અપગ્રેડ કરી શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ થી અમલમાં આવે તે રીતે મંજૂર કરવા B.U.T.ને ભલામણ કરવામાં આવે છે. (અભ્યાસક્રમ આ સાથે સામેલ છે.)

(બિડાણઃ–૧)(શૈક્ષણિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદરહું બાબતને અભ્યાસક્રમ અપગ્રેડ કરવા સારૂ Withdraw કરવામાં આવે છે.**

**(૫)** ઈ.ચા. આચાર્યાશ્રી, વી.ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરતના તા.૦૪/૦૭/૨૦૧૮ના પત્રથી અન્ય કોલેજ માંથી દ્વિતિય તથા ત્રીજા વર્ષ એલએલ.બી.માં પ્રવેશ ટ્રાન્સફર કરવા માંગતા વિદ્યાર્થીઓને કોલેજ બદલી આપવા સંદર્ભમાં ડીનશ્રી, કાનૂન વિદ્યાશાખાના તા.૧૯/૦૭/૨૦૧૮ના પત્રથી નીચે મુજબ કોલેજ ટ્રાન્સફર કરવા બાબતે અભિપ્રાય આપેલ છે. જે અભિપ્રાય અવલોકનમાં લેતા જે તે શૈક્ષણિક વર્ષમાં પ્રથમ વર્ષની પ્રવેશની ઈન્ટેક ધ્યાનમાં લઈ બીજા અને ત્યાર પછીના વર્ષની પ્રવેશની ખાલી બેઠકો પર કોલેજ બદલી મેરીટના આધારે કરવા વિચારણા કરવા બાબત.

1. Self Finance College to Self Finance College
2. Self Finance College to Grant-in –Aid College
3. Grant-in-Aid College to Grant-in-Aid College

<u>ડીનશ્રી, કાનૂન વિદ્યાશાખાનો અભિપ્રાય</u>

" કોઈપણ વિદ્યાર્થીને S.Y. LL.B./T.Y. LL.B. (૨, ૩ વર્ષમાં) અન્ય યુનિવર્સિટી માંથી આપણી યુનિવર્સિટીમાં પ્રવેશ ફાળવાતો હોય તો આપણીજ યુનિવર્સિટીના વિદ્યાર્થીને એક કોલેજમાં (બીજી કોલેજમાં (પોતાની ચોઈસની) જવાનો અબાધિત અધિકાર છે. જેના માટે SFI કોલેજ (૨) ટર્મની ફી પણ વસૂલી શકે નહી. તો અટકાવવાનો તો પ્રશ્ન જ નથી.

ટૂંકમાં F.Y.LL.B. નાં પ્રથમ સેમેસ્ટર પછી બીજા જ સેમેસ્ટરમાં તે SFI સંસ્થા માંથી GIA સંસ્થા જો સીટ ખાલી હોય અને વિદ્યાર્થી જવા માંગતો હોય તો તેને GIA માં જઈ શકે છે. આ તેનો બંધારણીય અધિકાર છે. "

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એલ.એલ.બી સહિતના અનુસ્નાતક અભ્યાસક્રમ (સ્વનિર્ભર સહિત) ભાગ–૨ અને ત્યાર બાદના ભાગમાં યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્ર / કોલેજ બદલી બાબતે ભલામણ કરવા સારૂ નીચે મુજબ સમિતિની નિયુકિત કરવા અને સમિતિનો અહેવાલ સમયમર્યાદામાં જમા કરાવવાની સમિતિને જાણ કરવી.**

**(૧) ડૉ. ભાસ્કરભાઈ રાવલ, મા.ઉપકુલપતિશ્રી (ચેરમેનશ્રી)**

**(૨) તમામ વિદ્યાશાખાઓના ડીનશ્રીઓ**

**(૩) મેનેજમેન્ટના (૧) એક પ્રતિનિધિ (માન.કુલપતિશ્રી દ્વારા નિયુકત)**

**(૬)** આચાર્યશ્રી, જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીના તા.૩/૨/૨૦૧૮ના પત્રથી અત્રેની યુનિવર્સિટીમાં અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને CBCS પધ્ધતિ હેઠળ ફકત ક્રેડિટને ધ્યાનમાં લઈ પ્રવેશ ફાળવવાની વિનંતી સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૦૩–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંકઃ(૧૨) થી નિયુકત સમિતિ દ્વારા નીચે મુજબ ફકત ક્રેડીટને આધારે પ્રવેશ નહી ફાળવવા તથા કલાસ / ટકાવારીમાં વિદ્યાર્થીનું રીઝલ્ટ તબદીલ કરી યુનિવર્સિટીના નિયમાનુસાર પ્રવેશ ફાળવવાનો અભિપ્રાય આપેલ હોય જે પર વિચારણા કરવા બાબત.

'' સામાન્યતઃ ક્રેડીટ CBCS સીસ્ટમમાં પાસ થવા માટે જરૂરી છે. અને એ તમામ વિદ્યાર્થીઓ (પાસ થનાર) એકસરખા ક્રેડીટ પ્રાપ્ત કરે છે. પરંતુ એડમીશન માટે મેરીટ લીસ્ટ માર્કસના આધારે જ બનાવી શકાય. તેથી ફકત ક્રેડીટને આધારે પ્રવેશ ફાળવણી શકાય નથી.

અન્ય યુનિવર્સિટી માંથી આવનાર વિદ્યાર્થીનું પરિણામ ક્રેડીટ આધારે હોય તો તે યુનિવર્સિટીનું કન્વર્ઝન (કલાસ (સંબંધિત) / ટકાવારીમાં તબદીલ કરતુ) ટેબલ રજુ કરીએથી કલાસ/ટકાવારીમાં વિદ્યાર્થીનું રીઝલ્ટ તબદીલ કરી યુનિવર્સિટીના નિયમાનુસાર પ્રવેશ ફાળવી શકાય. ''

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક ભાગ–૧માં અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા બાબતે**

**યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમાનુસાર પ્રવેશની ફાળવણી કરવી.**

**(૭)** **સાયન્સ** ફેકલ્ટીનાં **માઈક્રોબાયોલોજી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા શ્રી રામક્રિષ્ના ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સીસ, સુરત ના આસીસ્ટન્ટ પ્રોફેસર **ડૉ.રાજાણી સ્મિતા ધનજીભાઈ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧).ડૉ. તૃપ્તિ પટેલ, ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી, વી.આઈ.ટી.યુનિવર્સિટી, તમિલનાડુનો હકારાત્મક અહેવાલ અને ડૉ. નયન કે.જૈન એ સંશોધન પેપર્સના અહેવાલમાં નીચે મુજબની નોંધ સાથે જમા કરાવેલ છે જે નોંધ અવલોકનમાં લઈ ડૉ. રાજાણી સ્મિતા ધનજીભાઈને પીએચ.ડી સુપરવાઈઝીગ ટીચરની માન્યતા માઈક્રોબાયોલોજી વિષયમાં આપવા અંગે વિચારણા કરવા બાબત.

At this point on the basis of Ph.D Degree,while required numbers paper publications and PG Teacher recognition letter, she can be considar Research supervisor,but as Assistant Professor in Medical Technology and teaching experience for Diploma in Medical Technology,does not match with PG Teaching experience in Microbiology.

If criteria of Teaching experience in Medical Technology is considered equivalent as PG Teaching experience in Microbiology and less than 5 years is not the question for recognition then this case can be discussed by be by Board of University Teaching (B.U.T). Dr. Rajani Smita **Dhanjibhai may be recommended for recognition as Supervising Teacher for Ph.D Degree in the subject of Microbiology under the faculty of science after due approval by B.U.T and University proceeding.**

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માઈક્રોબાયોલોજી વિષયમાં Ph.D સુપરવાઈઝીંગ ટીચરની માન્યતાની ડૉ. રાજાણી સ્મિતા ધનજીભાઈ ની વિનંતી ડીનશ્રીની ભલામણ અન્વયે માનનીય કુલપતિશ્રી નિયુકત તજજ્ઞોની ભલામણ મુજબ Ordinance–108 ની પ્રવર્તમાન નિયમની જોગવાઈનું પરિપાલન થતું હોય, ડૉ. રાજાણી સ્મિતા ધનજીભાઈને માઈક્રોબાયોલોજી વિષયમાં Ph.D સુપરવાઈઝીંગ ટીચરની માન્યતા આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૮)** પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં કોમર્સ વિષયમાં ડૉ. કુમુદીની ઠાકોરના માર્ગદર્શન હેઠળ નોંધણી ક્રમાંક : ૨૭૨ થી તા.૭/ ૧૨ /૨૦૧૬ના રોજ નોંધાયેલ સંશોધનાર્થી ભોમચીયા ધનશ્યામકુમાર હસમુખભાઈના તા.૧૬/૭/૨૦૧૮ના રોજની અરજીથી પીએચ.ડી. સંશોધન અભ્યાસની સાથે Post-Graduation Diploma Research Methodology (PGDRM) નો અભ્યાસ કરવા ની વિનંતી પીએચ.ડી. ઓર્ડિનન્સ (૬)ની જોગવાઈ અન્વયે અનુસ્નાતક શિક્ષણ મંડળની મંજૂરી જરૂરી હોય જે અવલોકનમાં લેતા સંશોધનાર્થીના સંશોધન અભ્યાસ સાથે Post-Graduation Diploma Research Methodology (PGDRM) અભ્યાસની મંજૂરી આપવા વિચારણા કરવા બાબત.

**Ph.D. Ordinance :**

(6) No candidate shall be registered simultaneously for any other degree or diploma of the university Or other univerity However a candidate may persue a Diploma programme of this University with the prior approval of B.U. T

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોમર્સ વિષયમાં Ph.D સંશોધનાર્થી ભોમચીયા ધનશ્યામકુમાર હસમુખભાઈની સંશોધન અભ્યાસ સાથે Post -Graduation Diploma Research Methodology (PGDRM)સાથે કરવાની વિનંતી PGDRM અભ્યાસક્રમ ડિપ્લોમાં એક વર્ષનો રેગ્યુલર કોર્ષ હોય, જે ધ્યાને લેતા સંશોધનાર્થીની વિનંતી નામંજુર કરવી.**

**(૯)** મેનેજમેન્ટ વિષયમાં એમ.ફિલ. માર્ગદર્શક શિક્ષકની માન્યતાની અરજીકર્તા યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપક ડૉ. સંજયભાઈ જોષી

દ્વારા તેમનો પીએચ.ડી. સંશોધન અભ્યાસ Management વિષયમાં પેસેફિક યુનિવર્સિટી, પહેર, ઉદયપુરથી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી મેનેજમેન્ટ વિભાગના અધ્યાપક ડૉ.ધવલભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ કરેલ છે.

માર્ગદર્શક શિક્ષકની માન્યતા બાબતે રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગના તા.૫/૦૧/૨૦૧૬ના રોજના પત્ર ક્રમાંક : ISC-7-U.G.C.-2016-1126-2286 V થી નીચે મુજબની જાણ કરેલ છે.

**યુ.જી.સી. દ્વારા કરવામાં આવેલ સ્પષ્ટીકરણ અનુસાર, એમ.ફિલ./ પીએચ.ડી. ના કોર્સ માટે સંબંધિત યુનિવર્સિટીનાં ડિપાર્ટમેન્ટનાં રેગ્યુલર ફેકલ્ટી કે સંલગ્ન પી. . કોલેજ / ઈન્સ્ટિટયુટનાં ફેકલ્ટી મેમ્બર્સને જ ગાઈડ / સુપરવાઈઝર તરીકે ફાળવણી કરી શકાય છે. વધુમાં, સંબંધિત યુનિવર્સિટીનાં ન હોય તેવાં અન્ય કોઈ સુપરવાઈઝરના સુપરવીઝનનાં આધારે આપવામાં આવેલ ડિગ્રી પીએચ.ડી. રેગ્યુલેશન – ૨૦૦૯ નું ઉલ્લંઘન છે. આથી એમ.ફિલ. / પીએચ.ડી. ડીગ્રીનાં કોર્સના ગાઈડશીપ માટે યુ.જી.સી.ના ધોરણ અનુસાર વ્યવસ્થા કરવા વિનંતી છે.**

રાજય સરકારની ઉપર મુજબની માર્ગદશીકા અવલોકનમાં લેતા ડૉ. સંજય એસ. જોષી દ્વારા પદવી પેસેફિક યુનિવર્સિટી, ઉદયપુર માંથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ના માર્ગદર્શક શિક્ષક ડૉ.ધવલભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ મેનેજમેન્ટ વિષયમાં મેળવેલ હોય જે સ્વીકારવાની હોય તો નીચેની જોગવાઈ અન્વયે એમ.ફીલ માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા વિચારણા કરવા અંગે.

M.Phil Rule No – 8 :

Any Teacher for the Ph.D Degree in the subject is deemed to be the Research Supervisor for registering M.Phil. student in his / her subject.

નોંધ : ડૉ. સંજયભાઈ એસ.જોષી દ્વારા માર્ગદર્શક શિક્ષકની મહિતીની જાણ ટેલીફોનિક કરેલ છ.

(અનુસ્નાતક વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.ફીલ માર્ગદર્શક શિક્ષકની માન્યતા માટે યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અધયાપક ડૉ. સંજયભાઈ જોષીની અરજી, અરજીકર્તાનો મેનેજમેન્ટ વિષયમાં પીએચ.ડી સંશોધન અભ્યાસ પેસેફીક યુનિવર્સિટી, ઉદયપુર માંથી ડૉ. ધવલભાઈ મહેતા, મેનેજમેન્ટ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરેલ છે. રાજય સરકારના તા.૦૫/૦૧/૨૦૧૬ની માર્ગદર્શિકા **એમ.ફિલ./ પીએચ.ડી. ના કોર્સ માટે સંબંધિત યુનિવર્સિટીનાં ડિપાર્ટમેન્ટનાં રેગ્યુલર ફેકલ્ટી કે સંલગ્ન પીએચ.ડી કોલેજ / ઈન્સ્ટિટયુટનાં ફેકલ્ટી મેમ્બર્સને જ ગાઈડ / સુપરવાઈઝર તરીકે ફાળવણી કરી શકાય છે. વધુમાં, સંબંધિત યુનિવર્સિટીનાં ન હોય તેવાં અન્ય કોઈ સુપરવાઈઝરના સુપરવીઝનનાં આધારે આપવામાં આવેલ ડિગ્રી પીએચ.ડી. રેગ્યુલેશન – ૨૦૦૯ નું ઉલ્લંઘન છે. એમ.ફિલ. / પીએચ.ડી. ડીગ્રીનાં કોર્સના ગાઈડશીપ માટે યુજીસીના ધોરણ અનુસાર વ્યવસ્થા કરવા વિનંતી છે,** જે ધ્યાને લેતા ડૉ. સંજયભાઈ જોષીને એમ.ફીલ માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવી નહી અને યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અધ્યાપક જે રાજય સરકાર અને યુનિવર્સિટીની મંજુરી વિના અન્ય યુનિવર્સિટીમાં પીએચ.ડી માર્ગદર્શક શિક્ષક તરીકે કાર્યરત હોય તે બાબતે તપાસ કરવા નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવે છે.

(૧) **ડૉ. જયદીપભાઈ ચૌધરી (ડીનશ્રી, મેનેજમેન્ટ વિદ્યાશાખા)**
(૨) **ડૉ.રાકેશ દેસાઈ ( વિભાગીય વડાશ્રી, અંગ્રેજી)**
(૩) **ડૉ.રેનુકાબેન ગર્ગ ( વિભાગીય વડાશ્રી, મેનેજમેન્ટ)**

**(૧૦)** યુનિવર્સિટીમાં રસાયણશાસ્ત્ર વિભાગમાં M.Sc. Industrial Chemistry અને Pharmasutical Chemistry નો અભ્યાસક્રમ સિન્ડિકેટની તા.૦૩–૦૩–૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક (૨૭) થી બંધ કરી તેને સ્થાને M.Sc. Organic Chemistry (S.F) કોર્ષ ૭૫ બેઠકો સાથે (M.Sc. Organic Chemistry- ૫૦ તથા M.Sc. Environmental Chemistry- ૨૫ બેઠકો) મંજુર કરવામાં આવેલ હોય જે સંદર્ભમાં સેનેટ સભ્યશ્રી દ્વારા છેલ્લાં ધણાં વર્ષોથી બી.એસસી. (રસાયણશાસ્ત્ર) વિભાગમાં વિદ્યાર્થીઓની સંખ્યા દિન પ્રીતદિન વધતી જતી હોય, જેથી પોસ્ટ ગ્રેજયુએટમાં સીટો ઓછી હોવાથી પ્રવેશથી વંચિત રહેતા વિદ્યાર્થીઓના હિતાર્થે રસાયણશાસ્ત્ર વિભાગમાં ફરીથી Industrial Chemistry અને Pharmasutical Chemistry નો કોર્ષ ચાલુ કરવાની વિનંતી સંદર્ભમાં ડીનશ્રી અને રસાયણશાસ્ત્રના વિભાગના વડાશ્રીના નીચેના અભિપ્રાય અવલોકનમાં લેતાં સદરહૂ અભ્યાસક્રમો ફરી ચાલુ કરવામાં આવે તો ભૌતિક સુવિધા વધારવી પડે તેમજ નવા અધ્યાપકોની નિમણૂંક કરવી પડે અન્યથા સુવિધાઓ વગર અભ્યાસક્રમ ચલાવવો મુશ્કેલ હોવાનો અભિપ્રાય આપેલ છે. જે

અવલોકને લઈ યુનિવર્સિટી રસાયણશાસ્ત્ર વિભાગમાં M.Sc. Industrial Chemistry અને Pharmasutical Chemistry અભ્યાસક્રમ શરૂ કરવા અંગે વિચારણા કરવા બાબત.

**<u>વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય</u>**

"જો યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગમાં આ અભ્યાસક્રમો પુનઃશરૂ કરવા માટે પુરતી ભૌતિક સુવિધા હોય અને આ અભ્યાસક્રમો માટે અધ્યાપકો ઉપ્લબ્ધ થઈ સકતા હોય તો આ અભ્યાસક્રમો શરૂ કરવા જોઈએ એવો મારો અભિપ્રાય છે.

યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગમાં આ અભ્યાસક્રમો માટે જરૂરી મંજુરી ભૌતિક સુવિધા અને અધ્યાપકોની બાબતમાં યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગના વડાનો અભિપ્રાય લેવા જોઈએ એવો અભિપ્રાય છે."

**<u>રસાયણશાસ્ત્ર વિભાગના હેડ ર્ડા. એન.બી.પટેલનો અભિપ્રાય</u>**

૧. Industrial Chemistry અને Pharmasutical Chemistry શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ના વર્ષથી બંધ કરવામાં આવેલ છે. આ અભ્યાસક્રમમાં ૨૦–૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવતો હતો.

૨. આ અભ્યાસક્રમ બંધ કરવાની સાથે જ એની જગ્યાએ Organic Chemistry નો અભ્યાસક્રમ દાખલ કરવામાં આવેલ છે. જેમાં ૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.

૩. હાલમાં સેલ્ફફાઈનાન્સ (Morning) માં Organic અને Environmental વિષય મળીને ૫૦ + ૨૫ =૭૫ (ભાગ–૨માં પણ ૭૫ કુલ ૧૫૦) વિદ્યાર્થીઓને પ્રવેશ આપવમાં આવે છે. જે અગાઉના વર્ષોમાં Industrial Chemistry, Pharmaceutical Chemistry અને Environmental Chemistry મળીને ૬૦ (ભાગ–૨માં ૬૦ કુલ ૧૨૦) વિદ્યાર્થીઓને પ્રવેશ આપવમાં આવતો હતો.

૪. આ ૬૦ × ૨ =૧૨૦ વિદ્યાર્થીઓ માટેની ભૌતિક સુવિધાઓ જે હતી તે જ ભૌતિક સુવિધાઓ (લેબોરેટરી, પ્રિપેરેશન રૂમ, સ્ટાફની બેઠક વ્યવસથા તેમજ વર્ગખંડો) માં ૭૫ + ૭૫ =૧૫૦ વિદ્યાર્થીઓને પંવેશ આપવામાં આવે છે.

ઉપરોકત અભ્યાસક્રમમાં Adhoc અધ્યાપકો તેમજ Visiting અને ડીપાર્ટમેન્ટના અધ્યાપકો દ્વારા જ અભ્યાસક્રમ ચલાવવામાં આવતો હતો. અને અત્યારે પણ જે અભ્યાસક્રમ Teaching Assistant અને ડીપાર્ટમેન્ટના અધ્યાપકોની મદદથી જ ચાલે છે.

જો આ સાથે Industrial Chemistry અને Pharmasutical Chemistry નો અભ્યાસક્રમ ફરી ચાલુ કરવામાં આવે તો ભૌતિક સુવિધા વધારવી પડે તેમજ નવા અધ્યાપકોની નિમણૂંક કરવી પડે, હાલમાં જે પૈકી Organic Chemistry અને Environmental Chemistry માટે હાલમાં આ સુવિધાઓનો ઉપયોગ કરવામાં આવતો હોવાથી, ઉપરોકત નવા અભ્યાસક્રમો માટે સુવિધાઓ વગર અભ્યાસક્રમ ચલાવવો મુશ્કેલ બને તેમ છે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં** Pharmasutical Chemistry **વિષયનો અનુસ્નાતક નવો સ્વનિર્ભર અભ્યાસ શરૂ કરવા બાબતે કેમેસ્ટ્રી વિભાગના વડાશ્રી પાસે નવેસરથી અભ્યાસક્રમ વિષયક દરખાસ્ત મેળવી B.U.T. માં પૂન : રજુ કરવી.**

**(૧૧)** પીએચ.ડી. સંશોધન અભ્યાસ અર્થે ર્ડા. રેખાબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ ગુજરાતી વિષયમાં અભ્યાસ કરનાર સંશોધનાર્થી પરમાર જગદીશ સુખાભાઈના અંગે નીચેની બાબતો અવલોકનમાં લેવા વિનંતી.

- ❖ ઉપરોકત વિદ્યાર્થીના બાહ્ય નિર્ણાયક તરીકે (૧)**Dr. Kirtida S. Shah, Profrssor& Head, Department of Gujarati, School of Languages, Gujarat University, Ahmedabad.**(૨) **Dr. Rajendra Mehta, Department of Modern Indian Languages & Literary Studies, University of Delhi, Delhi**ની નિમણૂંક કરવામાં આવેલ હતી.
- ❖ જે પૈકીના **Dr. Kirtida S. Shah - Ahmedabad.**ના તા.૨૨/૦૪/૨૦૧૮ના પ્રફોર્મા રીપોર્ટમાં **Be accepted for the award of Ph.D. as it is in the Present form**ની ભલામણ કરેલ છે.
- ❖ જયારે બીજા બાહ્ય નિર્ણાયક **Dr. Rajendra Mehta - Delhi.**ના તા.૧૫/૧૧/૨૦૧૮ના મળેલ પ્રફોર્મા રીપોર્ટમાં **<u>Be Rejected</u>**અને Examiner's Review Report માં<u>હુંબાહ્ય પરીક્ષક તરીકે આ મહાનિબંધને રદ કરવા પાત્ર ઘોષિત કરું છું અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી, કુલસચિવ, પરીક્ષા નિયામક અને અન્ય તમામ ઓથોરિટીઝને જાણ તેમ જ વિનંતી કરું છું કે આ શોધછાત્રને ફરીવાર પીએચ.ડી. કોર્સમાં પ્રવેશ આપવો નહી અને આ મહાનિબંધ યેનકેન પ્રકારે</u>

<u>અન્ય કોઈ બાહ્ય પરીક્ષક પાસે મોકલીને એને પાસ કરાવી દેવાની હરકત કોઈ દ્વારા ન થાય તે પણ જોવું. આમ થશે તો એ સુવર્ણજયંતી ઉજવી ચૂકેલી આપની યુનિવર્સિટીની પ્રતિષ્ઠા પર પ્રશ્નચિહ્ન લગાવશે.</u>

❖ તેમજ તેમના માર્ગદર્શક શિક્ષકશ્રી ડૉ. રેખાબેન ભટ્ટના ના તા.૧/૦૪/૨૦૧૮ના રોજના પ્રફોર્મા રીપોર્ટમાં **Be accepted for the award of Ph.D. as it is in the Present form**ની ભલામણ કરેલ છે.

ઉપરોકત વિગત અવલોકનમાં લઈ સદર સંશોધનાર્થીના થીસીસ મૂલ્યાંકના રીપોર્ટ અંગેવિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક વિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સંશોધનાર્થીના બાહય રેફરી ડૉ. રાજેન્દ્રભાઈ મહેતાના અહેવાલ પર ચર્ચા વિચારણાને અંતે સંશોધનાર્થીની થીસીસ મુલ્યાકન માટે ત્રીજા બાહય રેફરીની નિમણૂંક કરી બાહય નિર્ણાયકોની ભલામણ મુજબ આગળની કાર્યવાહી કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, ડૉ. રાજેન્દ્રભાઈ મહેતાના બાહય નિર્ણાયક તરીકેના અહેવાલ પર ચર્ચા વિચારણા કરી અભિપ્રાય આપવા નીચે મુજબની સમિતિની નિમણૂંક કરવા અને સમિતિનો અહેવાલ સમયમર્યાદામાં રજુ કરવા જણાવવું.**

**(૧) ડૉ. હેમાલીબેન દેસાઈ (ડીનશ્રી, આર્ટસ ફેકલ્ટી)**
**(૨) ડૉ.અપુર્વભાઈ દેસાઈ (વિભાગીય વડાશ્રી, કોમ્પ્યુટર સાયન્સ વિભાગ)**
**(૩) ડૉ.વિપુલભાઈ સોમાણી (વિભાગીય વડાશ્રી, રૂરલ સ્ટડીઝ વિભાગ)**
**(૪) ડૉ.રાકેશભાઈ દેસાઈ (વિભાગીય વડાશ્રી, અંગ્રેજી વિભાગ)**
**(૫) ડૉ. રાજેન્દ્રભાઈ પટેલ. (વિભાગીય વડાશ્રી, એજયુકેશન વિભાગ)**

**(૧૨)** **કોમૅસ** ફેકલ્ટીનાં **કોમૅસ** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા શ્રી જે.ડી.ગાબાણી કોર્મસ કોલેજ એન્ડ શ્રી આત્માનંદ સરસ્વતી કોલેજ ઓફ મેનેજમેન્ટ, સુરત ના આસીસ્ટન્ટ પ્રોફેસર **ડૉ.પટેલ પર્વતકુમાર રણછોડભાઈ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧).ડૉ. મહેશ અબાલે, તેજોવાલય એપાર્ટમેન્ટ,પુને અને (૨).ડૉ. સંદિપ ભટ્ટ, પ્રોફેસર, પીજી ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ સ્ટડિઝ, એસ.પી.યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ના અહેવાલ / રીપોર્ટ કાર્યાલયને મળેલ છે.સદર ડૉ. સંદિપ ભટ્ટનો અહેવાલ/રીપોર્ટ હકારાત્મક છે અને <u>ડૉ. મહેશ અબાલે</u> એ સંશોધન પેપર્સના અહેવાલની ચકાસણી કરી નીચે મુજબનો રીપોર્ટ (અહેવાલ) આપેલ છે.

**If the concern authority or Dean of Veer Narmad South Gujarat University,Surat approves these journals as referred journal then I don't have any objection to give Dr. Patel Parvatkumar Ranchhodbhai recognition as a supervising teacher for Ph.D Degree.**

તજજ્ઞની ભલામણ મુજબ ઈ.ચા.ડીનશ્રી કોર્મસ ફેકલ્ટીનો અભિપ્રાય મેળવતા તજજ્ઞના રીપોર્ટ હકારાત્મક હોય પીએચ.ડી. માર્ગદર્શક માટે માન્યતા આપવા ભલામણ કરવામાં આવે છે, તેવો અભિપ્રાય આપેલ છે.તજજ્ઞોના હકારાત્મક અહેવાલ અવલોકનમાં લઈ ડૉ. પટેલ પર્વતકુમારરણછોડભાઈને પીએચ.ડી સુપરવાઈઝીગ ટીચરની માન્યતા કોર્મસ વિષયમાં આપવા અંગે વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક વિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોમર્સ ફેકલ્ટીના કોમર્સ વિષયમાં ડૉ. પટેલ પર્વતકુમાર રણછોડભાઈ ને પીએચ.ડી સુપરવાઈઝીંગ ટીચરની માન્યતા આપવા બાબતે નિયુકત બાહય નિર્ણાયકની ભલામણ મુજબ ડીનશ્રી કોમર્સ વિદ્યાશાખાના હકારાત્મક અભિપ્રાય અવલોકને લઈ કોમર્સ વિદ્યાશાખાના કોમર્સ વિદ્યાશાખામાં ડૉ.પટેલ પર્વતકુમાર રણછોડભાઈને Ph.D સુપરવાઈઝીગ ટીચરની માન્યતા આપવાની ભલામણ મંજુર કરી, એકેડેમિક કાઉન્સિલને પીએચ.ડી સુપરવાઈઝીંગ ટીચરની માન્યતા આપવા ભલામણ કરવામાં આવે છે.**

**(૧૩)** અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૭–૦૫–૨૦૧૮ના રોજની મળેલ સભાએ તેના ઠરાવ ક્રમાંક : (૨) થી પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં માર્ગદર્શક શિક્ષકની માન્યતા માટેના પ્રવર્તમાન ઓર્ડિનન્સ ૧૦૮ માં જરૂરી ફેરફાર કરવા નિયુકત સમિતિ દ્વારા તેની તા.૦૭–૦૧–૨૦૧૯ ના રોજની સભાએ યુ.જી.સી માર્ગદર્શિકા મુજબ

કરેલ ફેરફાર સાથે તૈયાર કરેલ ઓર્ડિનન્સ ૧૦૮ ના ડ્રાફટ પર વિચારણા કરવા બાબત.

(બિડાણ–ર) (અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, UGC-2016 ની જોગવાઈ પ્રવર્તમાન Ordinance–108માં આમેજ કરવા નીચે મુજબની સમિતિની રચના કરવા અને સમિતિને ભલામણ સમયમર્યાદામાં રજુ કરવા જણાવવું.**

**(૧) ર્ડા. રાકેશભાઈ દેસાઈ (વિભાગીય વડાશ્રી, અંગ્રેજી વિભાગ)**
**(ર) ર્ડા. અપુર્વભાઈ દેસાઈ (વિભાગીય વડાશ્રી, કોમ્પ્યુટર સાયન્સ વિભાગ)**
**(૩) ર્ડા. વિપુલભાઈ સોમાણી (વિભાગીય વડાશ્રી, રૂરલ સ્ટડીઝ વિભાગ)**
**(૪) ર્ડા. નવીનભાઈ બી. પટેલ. (વિભાગીય વડાશ્રી, કેમેસ્ટ્રી વિભાગ)**

**(૧૪)** ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ વિભાગના વડાશ્રીએ તા.ર૩/૦૧/ર૦૧૯ના પત્રથી વિભાગમાં છેલ્લા ૫ વર્ષથી (ર૦૧૪થી) MCA Lateral Course (2 Years) અભ્યાસક્રમનું ૧ ડીવીઝન ચલાવવામાં આવતું હોય જે ચાલુ વર્ષથી AICTE નું 'ભારત નું રાજપત્ર'' મારફતે શૈક્ષણિક વર્ષ ર૦૧૯–ર૦થી બંધ કરવામાં આવેલ છે. (Gazette Notification, Section "4.9 d" Page No.29 and Approval Process Handbook 201-200 "6.9 g" Page No.78). અને Approval Process 2019-20ના સંદર્ભમાં તા૧૬/૦૧/ર૦૧૯ના રોજ અમદાવાદ ખાતે KCG ના કાર્યાલય પર AICTE દ્વારા યોજેલ સભામાં નીચે મુજબની આપેલ જાણકારીની યુનિવર્સિટી કાર્યાલયને જાણ સાથે હાલમાં કાર્યરત અધ્યાપકોની નિયુકિત કાયમ રાખવા માટે MCA Regular (3 Years) નું (૬૦) બેઠકોવાળુ એક (૧) સ્વનિર્ભર અભ્યાસક્રમનું ડીવીઝન શરૂ કરવાની મંજુરી આપવાની કાર્યવાહી તા.૦૩/૦ર/ર૦૧૯ પહેલા પૂર્ણ કરવા વિનંતી કરેલ છે. જે વિનંતી પર વિચારણ કરવા બાબત.....

(૧) MCA Lateral Course (2 Year) ની પૂર્ણ વર્ગની મંજુરી હવે આપવામાં આવશે નહી તેમજ સદર કોર્ષ Separate Division તરીકે ચલાવી શકાશે નહી.
(ર) MCA Regular (3 Years) માં તબદીલ કરવા જરૂરી કાર્યવાહી આ વર્ષની ર૦૧૯–ર૦ની Approval Process માં કરી શકાશે.

નોંધ : કોમ્પ્યુટર સાયન્સ વિભાગને દરખાસ્ત મુજબના સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે ઓનલાઈન સબમીશન કરવાની શરતી મંજુરી આપવામાં આવેલ છે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોમ્પ્યુટર સાયન્સ વિભાગના વડાશ્રીની કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં ચાલતા M.C.A. સ્વનિર્ભર અભ્યાસક્રમનું Lateral entry ડીવીઝન AICTE ની માર્ગદર્શીકા મજુબ શૈક્ષણિક વર્ષ ર૦૧૯–ર૦થી બંધ કરી M.C.A. સ્વનિર્ભર અભ્યાસક્રમના એક ડીવીઝનની મંજુરી આપવાની વિનંતી સ્વીકાર કરી, એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૧૫)** તબિબિ વિદ્યાશાખા એનેથેસીયોલોજી વિષયમાં ર્ડા. પ્રજ્ઞા વચ્ચરાજાનીના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં વર્ષ–ર૦૧૮માં પ્રવેશ અર્થે નોંધાયેલ સંશોધનાર્થીઓ (૧) ધવલકુમાર પટેલ (ર) રેશ્મા કોરટ અને (૩) બિજલ ભાવસારની સંયુકત અરજીથી તેઓ ધ્વારા પીએચ.ડી. સંશોધન અભ્યાસની જમા કરાવેલ ફી માં રૂા. ૩૦૦૦/– લેબોરેટરી ફીનો સમાવેશ થતો હોવાથી તેઓની અરજી પર માર્ગદર્શક શિક્ષકની ભલામણ સાથે તેઓને તેમના સંશોધન અભ્યાસમાં લેબોરેટરીનો ઉપયોગ થતો ન હોય, યુનિવર્સિટીમાં જમા કરાવેલ પ્રવેશ ફી માંથી રૂા. ૩૦૦૦/– લેબોરેટરી ફી પરત કરવા તેમજ બાકી રહેલ ટર્મ ફી માં લેબોરેટરીની ફી જમા કરાવવા માંથી મુકિત આપવા કરેલ વિનંતી સંદર્ભમાં કાર્યાલયની તા.૧૪/૧ર/ર૦૧૮ની નોંધ પર આદેશ મુજબ તબિબિ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય મેળવતા ડીનશ્રી ધ્વારા માર્ગદર્શક શિક્ષકની ભલામણ મુજબ તેમના અભ્યાસમાં લેબોરેટરી જરૂર હોતી નથી તેથી લેબોરેટરી ફી વેવ કરવા ભલામણ કરે છે. જે ભલામણ અવલોકને લઈ લેબોરેટરી ફી વેવ કરવા અને તબીબી વિદ્યાશાખાના અન્ય વિષયમાં જયા લેબોરેટરી ન હોય તે સંશોધન વિષયમાં માર્ગદર્શક શિક્ષકની / ડીનશ્રી તબીબી વિદ્યાશાખાની ભલામણ મુજબ લેબોરેટરી ફી સ્વીકારવા વિચારણા કરવા બાબત.

<u>માર્ગદર્શક શિક્ષકની ભલામણ સાથે લેબોરેટરી ફી વેવ કરવા ભલામણ કરેલ છે અને જણાવેલ છે કે તેમના અભ્યાસમાં યુનિવર્સિટી લેબોરેટરીની જરૂર હોતી નથી. આથી તેમની અરજી ધ્યાનમાં લેતા લેબોરેટરી વર્ક ન હોવાથી લેબોરેટરી ફી વેવ કરવા ભલામણ છે</u>.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, Ph.D સંશોધન અભ્યાસમાં તબીબી વિદ્યાશાખામાં અભ્યાસક્રમ માટે લેબોરેટરી ફી માફ કરવાની સંશોધનાર્થીઓની માર્ગદર્શક શિક્ષકની ભલામણ સાથેની વિનંતી નામંજુર કરવામાં આવે છે.**

**(૧૬)** પીએચ. ડી. - એમ. ફીલ. પ્રવેશની તા. ૨૦ - ૯ - ૨૦૧૮ ના રોજની પ્રવેશ જાહેરાત અન્વયે યુનિવર્સિટીને મળેલ પ્રવેશ અરજી ઓ પૈકી નીચે મુજબની પ્રવેશ અરજીકર્તા ઉમેદવારની પ્રવેશ અરજીનો વિષય તેમના અનુસ્નાતક અભ્યાસ અન્ય વિષયમાં હોય તે ધ્યાને લેતાં પીએચ.ડી. ઓડિનન્સ (૪.૨) ની નીચેની જોગવાઈ મુજબ એલાઈડ વિષય an allied subject under the same and/or other Faculty for the Ph.D. degree તરીકે પ્રવેશની કાર્યવાહી માટે માન્ય ગણવા અંગે વિચારણ કરવા બાબત.

. 4.2. Notwithstanding anythind contained in (l) above, a student who has passed the Master's Degree Examination in any subject may be permitted on the recommendation of the Board of University Teching to register for an allied subject under the same and/or other Faculty for the Ph.D. degree.

| ક્રમ | અરજીકર્તા ઉમેદવારનું નામ | પ્રવેશ અરજીનો વિષય | અનુસ્નાતક અભ્યાસ |
|---|---|---|---|
| 1 | Kaur Guneet Vikram Singh | Aquatic Biology | M.S. Zoology |
| 2 | Makvana Nayan Lakhmanbhai | Aquatic biology | M.Sc. Fisheries Science |
| 3 | Gamit Priyankaben Dasubhai | Bioscience | M.S. Aquatic Biology |
| 4 | Shah Mitali Mukeshkumar | Management | M.Com.H.R.M |
| 5 | Shah Hemani Nikunjbhai | Chemistry | M.Sc. Enviormental Science |
| 6 | Katoch Dipankar Diwakar | Commerce | M.B.A |
| 7 | Saiyed Mahezabin zulfikarali | Commerce | M.B.A |
| 8 | Vasava Rekhaben Dineshbhai | Comparative Literature | M.A. Gujarati |
| 9 | Kantharia Jagdish Natubhai | Comparative Literature | M.A. Gujarati |
| 10 | Parmar Kalpanakumari Vanamalbhai | Comparative Literature | M.A. Sanskrit |
| 11 | Patel Jyotiben Chandubhai | Gujarati | M.A.Comparative Literature |
| 12 | Patel Vishal Kantibhai | Physics | M.Sc. Electronics |
| 13 | Shampa Mallick | Physiology | M. of Audiology & Speech language Pathology |
| 14 | Saiyad Sajidali Shaukatali | General Medicine | M.D of Physiology |
| 15 | Kumar Rajesh B R Choudhary | Economics | M.B.A. |
| 16 | Pillai Vaishali Vishwanathan | Management | M.H.R.D. |
| 17 | Jain Mahavir Gulanchand | Management | M. Com |
| 18 | Zaiwala Monaz Erick | Management | M.Com. |
| **19** | **Bagdi Himanshu Pream Chand** | **Management** | **B.E.M.B.A. (5yr. Integrated)** |
| 20 | Sinha Aakhyati Anilkumar | Microbiology & Aqu. Biology | M.Sc. Biotechnology |
| 21 | Vavliya Saroj Jayantibhai | Bioscience | M.Sc. Bio Informatics |
| 22 | Pandey Devbrath Balkrishna | Microbiology | M.Sc. Biotechnology |

**નોંધ :**

(1) એક્વેટિક બાયોલોજી અને એચ. આર. ડી. વિષયની રિસેર્ચ એડવાઈઝરી સમિતિ દ્વારા વિવિધ વિષયો સાથે અનુસ્નાતક અભ્યાસ કરેલ ઉમેદવારોને પીએચ. ડી. - એમ. ફીલ. સંશોધન અભ્યાસ માટે પાત્ર ગણવા બાબતે ઠરાવ કરેલ હોઈ, ઓર્ડિનન્સ. (4.2) ની જોગવાઈ મુજબ B. U. T. દ્વારા ભલામણ / મંજૂરી આપ્યેથી તેનો અમલ કરી ઉમેદવારને પ્રવેશ પાત્રતા ગણીએ.

(2) GPSC દ્વારા ડીગ્રીધારકો સ્નાતક અભ્યાસ જે વિષયમાં થયેલ હોય તે વિષયમાં જ અનુસ્નાતક / સંશોધન અભ્યાસને માન્ય ગણી અન્ય વિષયના સ્નાતક અનુસ્નાતક ડીગ્રી ધારકોને અપાત્ર ગણેલ છે.

**(અનુસ્નાતક વિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, Ph.D સંશોધન અભ્યાસમાં અરજીકર્તા ઉમેદવારોના અનુસ્નાતક અભ્યાસ ધ્યાને લેતા Ph.D / M.Phil ના એલાઈડ વિષય / વિદ્યાશાખામાં પ્રવેશની અરજી / વિનંતી પ્રવેશની પ્રવેશ પરીક્ષા આપવાની શરતી મંજુરી આપવી અને RAC ની ભલામણ મુજબ પ્રવેશ કાર્યવાહી કરવી.**

**(૧૭) માન.કુલપતિશ્રીના પગલાની જાણ / નોંધ લેવાની બાબત :**

**(૧)** ડૉ. જી. એમ. બુટાણી, આચાર્યશ્રી, શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડ તા.૧૮/૧૨/૨૦૧૮ ના રોજના

**પત્રથી તેમના માર્ગદર્શન હેઠળ રાજયશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. સંશોધન અભ્યાસ કરતા સંશોધનાર્થીના સંશોધન અભ્યાસનું કોષ વર્ક કરવાનું હોય, જે કોર્ષ વર્ક તેમની કોલેજ શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટ્સ કોલેજ,વલસાડ ખાતે રાખવા માટે વિનંતી કરેલ હતી. જે સંદર્ભમાં કાર્યાલયની તા.૨૮/૧૨/૨૦૧૮ના રોજની નોંધ પર મળેલ આદેશ મુજબ ડીનશ્રી વિનયન વિદ્યાશાખાનો અભિપ્રાય મેળવવા જણાવેલ હોય જે સંદર્ભમાં વિનયન વિદ્યાશાખાના ડીનશ્રી ધ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષમાં આપની યુનિવર્સિટીમાં રાજયશાસ્ત્ર વિષયમાં એક જ પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક જે. પી. શ્રોફ આર્ટસ કોલજમાં છે. આ સંજોગોમાં યુનિવર્સિટીમાં વધારાનું આર્થિક ભારણ ન પડે એ શરતે સંસ્થાના આચાર્યશ્રીની વિનંતીને ગ્રાહય રાખવા ભલામણ કરેલ હોય જે ભલામણ મુજબ યુનિવર્સિટીને આર્થિક ભારણ ન પડે એ શરતે પોલીટીકલ સાયન્સ (રાજય શાસ્ત્ર વિષયના) કોર્ષ વર્કની શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડમાં વર્ષ ૨૦૧૯ દરમ્યાન આયોજન કરવાની મંજૂરી આપ્યાની જાણ કરવા બાબત. (અનુસ્નાતક વિભાગ)**

**(૨)** પીએચ.ડી.સંશોધન અભ્યાસની માન્યતા આપવા નિયુકત તજજ્ઞોના હકારાત્મક અહેવાલ સ્વીકારવાની સત્તા અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૯–૫–૨૦૧૨ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૧)થી માન.કુલપતિશ્રીને આપેલ હોય, જે અન્વયે નીચેના યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અધ્યાપકના પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા તેમના નામ સામે દર્શાવેલ વિષય / વિદ્યાશાખા માટે નિયુકત તજજ્ઞોના હકારાત્મક અહેવાલ માન.કુલપતિશ્રી દ્વારા અનુસ્નાતક શિક્ષણ મંડળ વતી મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય,જેની નોંધ લેવા સારું.

| Sr. No. | Name of the Teacher & College / Department | Subject | Faculty | Name of 1st Experts | Name of 2nd Experts |
|---|---|---|---|---|---|
| 1 | Dr.Marjadi Darshan Sunilkumar (Shree Ramkrishna Inst.of Computer Edu & Applied Science,Surat) | Bioscience | Science | Dr. Reshma S.V (PES University,Banglore) | Dr. Ramesh Kothari (Saurashtra University,Rajkot) |
| 2 | Dr. Nileshkumar Dahyabhai Pandya (Arts,Science & Commerce College,Kholwad) | Bioscience (Microbiology) | Science | Dr.N.K.Jain (Gujarat University, Ahmedabad) | Dr.Aditya B.Pant (Indian Inst.of Toxicology, Lakhnaw) |
| 3 | Dr. Karshanbhai S.Chavda (K.K.Arts & Commerce College,Ankleshwar) | Economics | Arts | Dr.Rakesh Joshi (Saurashtra University,Rajkot) | Dr. Sarita Agrawal (Central University of Gujarat,Gandhinagar) |
| 4 | Dr. Ketankumar C.Parmar (Sir P.T.Sarvajanik College of Science) | Chemistry | Science | Dr.Nand Kishor (Indian Inst.of Technology, Mumbai) | Dr.Rakesh Sharma (M.S.University,Baroda) |
| 5 | Dr. Patel Nafiza Zakir (Naranlala College of Professional & Applied Science,Navsari) | Bioscience (Microbiology) | Science | Dr.Amita Sharma (I.I.S.University,Rajashthan) | Dr.Rakesh Panchal (M.B.Science College,V.V.Nagar) |
| 6 | Dr. Vanpariya Bhavesh Odhvjibhai (Department of HRD,VNSGU,Surat) | HRD | Arts | Dr.Yogesh Lad (Anand Agriculture University,Anand) | Dr.Rajashi Clerk (Gujarat University, Ahmedabad) |
| 7 | Dr. Nareshkumar V.Butani (Shree Ramkrishna Inst.of Computer Edu & Applied Science,Surat) | Bioscience (Microbiology) | Science | Dr. K.B.Rakholiya (Navsari Agriculture Uni.,Navsari) | Dr.Pravin R.Pauranik (School of Life Science,Jalgaun) |
| 8 | Dr. Sanjaykumar N.Parekh (Shree Ramkrishna Inst.of Computer Edu & Applied Science,Surat) | Bioscience (Microbiology) | Science | Dr.Amita Sharma (I.I.S.University,Rajashthan) | Dr.N.K.Jain (Gujarat University, Ahmedabad) |
| 9 | Dr. Mistry Rekha Nishikant (Department of Sociology,VNSGU,Surat) | Social Work | Arts | Prof.J.C.Patel (Guj. Uni. Ahmedabad) | Dr. Haresh S. Zala (Saurashtra Uni. Rajkot) |
| 10 | Dr.Vasava Bahadursinh Atiabhai (Department of Sociology,VNSGU,Surat) | Social Work | Arts | Dr. J.M.Trivedi (S.P.University, V.V.Nagar) | Dr. Chandrika Raval (Guj. Uni. Ahmedabad) |

| Sr. No. | Name of the Teacher & College / Department | Subject | Faculty | Name of 1st Experts | Name of 2nd Experts |
|---|---|---|---|---|---|
| 11 | Dr. Patel Vijaykumar Parsottambhai (Arts,Science & Commerce College, Kholwad) | Chemistry | Science | Dr.Tejash Joshi (M.K.Bhavnagar University, Bhavnagar) | Dr.Arun Singh (Govt.MLB PG College, Bhopal) |
| 12 | Dr. Mehta Purnima Umesh (Sir K.P.College of Commerce,Surat) | Commerce /Applied Statistics | Commerce | Dr. Sanjay Jain (Govt.College,Ajmer) | Dr.M.N.Patel (Gujarat University, Ahmedabad) |
| 13 | Dr. Patel Vijaykumar Ishvarlal (JNM Patel Science College,Surat) | Chemistry | Science | Dr.Sahilesh Zala (M.K.Bhavnagar University,Bhavnagar) | Dr.Arun Singh (Govt.MLB PG College, Bhopal) |
| 14 | Dr. Shikha Samaiya (Sarvajanik College of Performing Arts (SCOPA),Surat) | Music(Hindustani Classical) | Arts | Dr. Suvarna Wad (Retired Prof.of Vocal Music,Indore) | Dr.Rajesh Kelkar (M.S.University,Baroda |
| 15 | Dr. Panchal Hetalben Kantilal (Dolat Usha Inst.of Applied Science Valsad) | Bioscience (Microbiology) | Science | Dr. Ramesh Kothari (Saurashtra University,Rajkot) | Dr. Reshma S.V (PES University,Banglore) |
| 16 | Dr. Patel Madhuben Bhavanbhai (Sir K.P.College of Commerce,Surat) | Commerce / Accountancy | Commerce | Dr.Sandip Bhatt (S.P.University,V.V Nagar) | Dr. Alok Chakrwal (Saurashtra University, Rajkot) |
| 17 | Dr. Mannu Jain (SMIMER) | Microbiology | Medicine | ઓર્ડિનન્સ ૧૦૮ની જોગવાઈ મુજબ અને ડીનશ્રીના અભિપ્રાય મુજબ | |
| 18 | Dr.Sunilkumar N. Naik (GMERS,Valsad) | Community Medicine | Medicine | ઓર્ડિનન્સ ૧૦૮ની જોગવાઈ મુજબ અને ડીનશ્રીના અભિપ્રાય મુજબ | |
| 19 | Dr.Patel Harsha Ramanlal (Govt.Medical College,Surat) | Anaesthesiology | Medicine | ઓર્ડિનન્સ ૧૦૮ની જોગવાઈ મુજબ અને ડીનશ્રીના અભિપ્રાય મુજબ | |
| 20 | Dr. Madhusudan M.Raj (HRD Deptt,VNSGU,Surat) | Economics | Arts | Dr.Rakesh Joshi (Saurashtra University, Rajkot) | Dr.G.D.Tripathi (C.M.Arts & B.D.Commerce College,Kadi) |
| 21 | Dr.Kanthria Jagdish Nathubhai (Shree P.H.Umrao College of Arts & Commerce,Kim) | Gujarati | Arts | Dr.Bhavesh Jethva (Kutchh University,Kutchh) | Dr.Kishor Vyas (Arts & Commerce College,Kalol) |
| 22 | Dr.Madhuben M.Vasava (M.R.Arts & Science College,Rajpipla) | Hindi | Arts | Dr.Bharatbhai Patel (Arts College,Vijaynagar) | Dr.Vishnu Sarvade (Mumbai University) |
| 23 | Dr.Vasava Mukeshbhai Rupsinghbhai (Deptt.of Comparative Literature, VNSGU,Surat) | Comparative Literature | Arts | Dr.Bharat Mehta (M.S.University,Baroda) | Dr.Anand Vasava (Gujarat University, Ahmedabad) |
| 24 | Dr.Kantharia Jignesh Jamnadas (Shree Sarvoday B.Ed College, Surat) | Education | Education | Dr.Maheshbhai Raval (C.H. Shah Maitry Vidyapeeth) | Dr.Manhar.J.Thakar (G.H.Shanghvi College of Education,Bhavnagar) |
| 25 | Dr.Champaneri Alkaben Kalyanjibhai (Shree Rang Navchetan Mahila Arts College, Valia) | Sanskrit | Arts | Dr.Kashypbhai Trivedi (Kutchh University,Kutchh) | Dr.Niranjanbhai Patel (S.P.University,V.V. Nagar) |
| 26 | Dr.Patel Vatsalbhai Bipinchandra (DBIM Department,VNSGU,Surat) | Management | Management | Dr.Sandip Bhatt (S.P.University,V.V. Nagar) | Dr.Sanjay Bhayani (Saurashtra University) |

| Sr. No. | Name of the Teacher & College / Department | Subject | Faculty | Name of 1st Experts | Name of 2nd Experts |
|---|---|---|---|---|---|
| 27 | Dr.Pal Jitendrakumar (Dolat Usha Inst.of Applied Science & Dhiru Sarla Inst.of Mgt&Commerce,) | Botany | Science | Dr.Varsha Jadhav (Shivaji University, Kolhapur) | Dr.Vrunda Thakar (Saurashtra University) |
| 28 | Dr.Patel Baxiskumar Ishvarbhai (DRP & RBP Commerce College,Surat) | Manageme nt | Managem ent | Dr.Mamta Bharmbhatt (Gujarat University, Ahmedabad) | Dr.A.Kumar (Bhavnagar University, Bhavnagar) |

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માન.કુલપતિશ્રીના ક્રમાંક (૧) અને (૨) મુજબના પગલાની નોંધ લેવામાં આવે છે.**

**(૧૮)** પીએચ.ડી.સુપરવાઈઝીગ ટીચરની મેનેજમેન્ટ વિદ્યાશાખાના મેનેજમેન્ટ વિષયમાં માન્યતાની ર્ડા. બક્ષિસકુમાર ઈશ્વરભાઈ પટેલની અરજી સંદર્ભમાં નિયુકત તજજ્ઞનો અહેવાલ હકારાત્મક હોય જે બી.યુ.ટી.,એકેડેમિક કાઉન્સિલની ભલામણ સિન્ડિકેટ સમક્ષ રજુ કરતા સિન્ડિકેટની તા.૨૯–૦૧/૦૨–૦૨–૨૦૧૯ની બાબત ક્રમાંકઃ(૦૩) થી અરજીકર્તા અધ્યાપકની યુનિવર્સિટીની માન્યતા બી.બી.એ. (કોર્મસ વિદ્યાશાખાના) માર્કેટીગ વિષયમાં હોય તેમજ તેમનો Ph.D સંશોધન અભ્યાસ મેનેજમેન્ટ વિષયમાં મેનેજમેન્ટ વિદ્યાશાખામાં હોય એટલે કે અધ્યાપકની માન્યતા ધ્યાને લેતા પીએચ.ડી.સંશોધન અભ્યાસના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતાને વિષય / વિદ્યાશાખા બદલાતી હોય તેવી બાબત પ્રથમ BUT માં વિચારણા માટે રજુ કરવા ઠરાવેલ હોય, જે ધ્યાને લઈ તજજ્ઞોના અહેવાલ સ્વીકારી ર્ડા. બક્ષિસકુમાર ઈશ્વરભાઈ પટેલને મેનેજમેન્ટ વિદ્યાશાખાના મેનેજમેન્ટ વિષયમાં માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, મેનેજમેન્ટ વિદ્યાશાખાના મેનેજમેન્ટ વિષયમાં Ph.D સુપરવાઈઝીંગ ટીચરની માન્યતાની ર્ડા.બક્ષિસકુમાર ઈશ્વરભાઈ પટેલની અરજી વિનંતી સિન્ડિકેટના તા.૨૯–૦૧/૦૨–૦૨–૨૦૧૯ની બાબત ક્રમાક : (૩) થી અનુસ્નાતક શિક્ષણ મંડળ (B.U.T) માં વિચારણા માટે રજુ કરવા ઠરાવેલ હોય, જે બાબતે અધ્યાપકની યુનિવર્સિટી માન્યતાનો વિષય B.B.A. (કોમર્સ વિદ્યાશાખા) હોય અને તેમનો Ph.D સંશોધન અભ્યાસ મેનેજમેન્ટ વિદ્યાશાખામાં મેનેજમેન્ટ વિષય છે. તે ધ્યાને લઈ મેનેજમેન્ટ વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિની ભલામણ સાથે પૂન : B.U.T માં રજુ કરવી.**

**(૧૯)** જર્નાલીઝમ એન્ડ માસ કોમ્યુનીકેશન વિષયની એડહોક અભ્યાસસમિતિની તા.૦૫/૧૦/૨૦૧૮ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૪ અન્વયે નીચે મુજબની ભલામણ મંજુર કરવા વિનયન વિદ્યાશાખાને ભલામણ કરેલ, જે વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિનયન વિદ્યાશાખાવતી મંજૂર કરી B.U.T.ને ભલામણ કરેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

**જર્નાલીઝમ એન્ડ માસ કોમ્યુનીકેશન વિષયની એડહોક અભ્યાસસમિતિની તા.૦૫/૧૦/૨૦૧૮ની સભાનાં ભલામણ ક્રમાંકઃ ૪**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલીઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વિભાગ ખાતે નવો કોર્ષ બે વર્ષનો (ચાર સેમેસ્ટર) M.A. Journalism કોર્ષ Self-Finance ધોરણે ચાલુ કરવા કોર્ષનો અભ્યાસક્રમ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓનાં હિત માટે આ કોર્ષને ભવિષ્યમાં Grant-in aid તરીકે થાય એવી ભલામણ કરવામાં આવી હતી. અને વિનયન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(બિડાણઃ–૩)(શૈક્ષણિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જર્નાલીઝમ એન્ડ માસ કોમ્યુનીકેશન વિષયની એડહોક અભ્યાસ સમિતિની તા.૦૫–૧૦–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંક (૪) થી M.A. Journalism કોર્ષના અભ્યાસક્રમની ભલામણને મંજુર કરી બે વર્ષનો (ચાર સેમેસ્ટરનો) M.A. Journalism કોર્ષ Self Finance ધોરણે શરૂ કરવાની ભાલામણનો સ્વીકાર કરી, એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહું અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે શરૂ કરવાની ભલામણને નજીકના ભવિષ્યમાં Grant-in aid ધોરણે શરૂ કરવા બાબતે રાજય સરકારના સંબધિત વિભાગને જે તે અનુસ્નાતક વિભાગ અને યુનિવર્સિટીના વહીવટી વિભાગ સાથે સંકલન કરી પત્રવ્યવહાર કરવાની જાણ કરવી.**

**(૨૦)** પીએચ.ડી. સંશોધન અભ્યાસના પ્રવર્તમાન નિયમ મુજબની કુલ સમયઅવધિ બાદની એકસ્ટેંશનની સંશોધનાર્થીની માર્ગદર્શક શિક્ષકની ભલામણ સાથેની વિનંતી પીએચ.ડી. સંશોધન અભ્યાસના યુ. જી. સી.ની જોગવાઈ મુજબ સિન્ડિકેટની યુ.જી.સી. ૨૦૦૯ની જોગવાઈ અંતર્ગત સિન્ડિકેટના તા.૦૮/૨૩–૦૬–૨૦૧૧ના ઠરાવ ક્રમાંક (૮૪) થી અમલી નિયમ પહેલા અમલી નિયમ પીએચ.ડી. (૨૦) (૨) ની નીચેની જોગવાઈ મુજબ મંજૂરી આપવામાં આવતી હતી.

Ph.D. Rule No.20(1) (2)

A student desiring to submit his / her Thesis for the Ph.D. Degree can do so at any time after the completion of the prescribed number of terms after the date of registration, but within a period not excee- ding two years after the date of completion of four terms.

(1) A Student failing to submit his thesis within two years after completion of four terms shall apply in writing, valid reasons for the delay in submitting the thesis through his Supervising Teacher to the University for year- to - year extension for a maximum period of two years. The Vice-Chancellor may in his discretion grant or refuse to grant, the extension applied for and his decision in this behalf shall be final.
(2) A Student failing tu submit the thesis during the period of extension, if any granted under (1) above shall be requried to get registration de novo.

પીએચ.ડી. સંશોધન અભ્યાસની એક્ષ્ટેંશન સહિતની ૬ વર્ષની નિયત સમય અવધિ બાદની સંશોધનાર્થીની માર્ગદર્શક શિક્ષકની ભલામણ સાથેની એકસ્ટેંશનની વિનંતી ઉપર મુજબના પીએચ.ડી. (૨૦) (૨) નિયમની જોગવાઈ મુજબ Denova registrationઅંતર્ગત extensionમંજૂર કરી શકાય કે કેમ તે બાબતે માન. કુલપતિશ્રી ધ્વારા સમિતિ નિયુકત કરેલ સમિતિની તા. ૧૬–૦૨–૨૦૧૯ના રોજ મળેલ સભાએ નીચે મુજબ ભલામણ કરેલ છે, જે ભલામણ મંજુર કરવા વિચારણા કરવા બાબત.

**સમિતિની ભલામણ :–**

યુ.જી.સી. ૨૦૦૯ની જોગવાઈ અંતર્ગત સિન્ડિકેટના તા.૦૮/૨૩–૦૬–૨૦૧૧ના ઠરાવ ક્રમાંક (૮૪) થી અમલમાં આવેલ પીએચ.ડી ઓર્ડિનન્સ પહેલા અમલી પીએચ.ડી રૂલ નંબર (૨૦) (૨) ની જોગવાઈ મુજબ રજીસ્ટ્રેશનનો અર્થ નવેસરથી રજીસ્ટ્રેશન થાય છે, એક્ષટેન્શનની જોગવાઈનો થતો નથી. જેથી સંશોધનાર્થીની ૬ (છ) વર્ષ બાદની અરજી પીએચ.ડી નિયમ (૨૦) (૨) મુજબ એક્ષટેન્શનને પાત્ર બનતી નથી. આવા ૬ (છ) વર્ષ બાદના ઉમેદવારે પ્રવર્તમાન ધારા ધોરણ મુજબ સંશોધન અભ્યાસની પ્રવેશ કાર્યવાહીમાં ભાગ લઈ નવેસરથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

(અનુસ્નાતક વિભાગ)

:: આથી ઠરાવવવામાં આવે છે કે,પીએચ.ડી.સંશોધન અભ્યાસની નિયમિત સમય અવધિ(૬)વર્ષ બાદ પીએચ.ડી. નિયમ (૨૦)(૨)ની જોગવાઈ અન્વયે **Denova registration** સાથે એક્ષટેન્શન આપવાની જોગવાઈ સંદર્ભમાં માન. કુલપતિશ્રી નિયુકત સમિતિની નીચેની ભલામણ મંજુર કરવા અને દિવ્યાંગ **(P.W.D.)** અને **Female** એમ.ફીલ.–પીએચ.ડી.સંશોધનાર્થીઓને યુ.જી.સી. ના પ્રવર્તમાન જોગવાઈ મુજબ નિયમિતિ સમય અવધિ બાદ વધારાનું એક્ષટેન્શનની સંશોધનાર્થીની માર્ગદર્શક શિક્ષકની ભલામણ સાથેની વિનંતી મંજુર કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

<u>માન. કુલપતિશ્રી નિયુકત સમિતિની **Denova registration** અંતર્ગત ભલામણ :</u>
યુ.જી.સી. ૨૦૦૯ની જોગવાઈ અંતર્ગત સિન્ડિકેટના તા.૦૮/૨૩–૦૬–૨૦૧૧ના ઠરાવ ક્રમાંક (૮૪)થી અમલમાં આવેલ પીએચ.ડી ઓર્ડિનન્સ પહેલા અમલી પીએચ.ડી રૂલ નંબર (૨૦) (૨) ની જોગવાઈ મુજબ રજીસ્ટ્રેશનનો અર્થ નવેસરથી રજીસ્ટ્રેશન થાય છે, એક્ષટેન્શનની જોગવાઈનો થતો નથી. જેથી સંશોધનાર્થીની ૬ (છ) વર્ષ બાદની અરજી પીએચ.ડી નિયમ (૨૦) (૨) મુજબ એક્ષટેન્શનને પાત્ર બનતી નથી. આવા ૬ (છ) વર્ષ બાદના ઉમેદવારે પ્રવર્તમાન ધારા ધોરણ મુજબ સંશોધન અભ્યાસની પ્રવેશ કાર્યવાહીમાં ભાગ લઈ નવેસરથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

**(૨૧)** **પીએચ.ડી./એમ.ફિલ. સંશોધન અભ્યાસમાં પ્રવેશની કાર્યવાહી સંદર્ભમાં**University gransts Commission (Minimum Standards and Procedure for Award of M.Phil/Ph.D. Degrees ($2^{nd}$ maendment) Regulation 2018**ની માર્ગદર્શિકા મુજબ પ્રવેશ પરીક્ષામાં મેળવેલ માર્કસના ૭૦ ટકા અને ઈન્ટરવ્યુ / વાયવામાં મેળવેલ માર્કસના ૩૦ ટકા મુજબ ગણત્રી કરી પ્રવેશ આપવાના નોટીફીકેશનનો અમલ કરવા માન.કુલપતિશ્રીના આદેશાનુસારમળેલ વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રીની સમિતિની આ સાથેની ભલામણ મુજબ પ્રવેશ કાર્યવાહી વર્ષ ૨૦૧૮ – ૧૯ થી કરવાના નિર્ણયની જાણ કરવાની બાબત.**

(બિડાણઃ–૪)(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, Ph.D / M.Phil સંશોધન અભ્યાસમાં પ્રવેશ પરિક્ષા કેટેગરી અને JRF, M.Phil, NET,SLET, GATE કેટેગરીમાં UGC-2016 ની ગાઈડલાઈન મુજબ કરવા બાબતે માનનીય કુલપતિશ્રી નિયુકત સમિતિની તા.૧૬–૦૧–૨૦૧૯ની સભાની ભલામણને શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ની પ્રવેશ કાર્યવાહીથી સ્વીકારવાના કુલપતિશ્રીના પગલાની નોંધ લેવામાં આવે છે.**

નોંધ : સભ્યશ્રીઓને વિનંતી કે, અનુસ્નાતક શિક્ષણ મંડળ (Board of University Teaching) ની તા.૨૨–૦૨–૨૦૧૯ ની કાર્યવાહીના ઠરાવમાં સભામાં થયેલ નિર્ણય બાબતે જરૂરી યોગ્ય સુધારા જણાય તો જ તા.૧૫–૦૩–૨૦૧૯ સુધીમાં નીચે સહી કરનારને જાણ કરવા વિનંતી. વધુમાં, નિયત સમય બાદ મળેલ સુધારા આમેજ કરવામાં આવશે નહી.

ક્રમાંક : પીજી/ બીયુટી/કાર્યવાહી/૩૩૩૪/૨૦૧૯
તા.૨૮–૦૨–૨૦૧૯

Sd/-
**ઈ.ચા. કુલસચિવ**

**પ્રતિ,**
**અનુસ્નાતક શિક્ષણ મંડળના સર્વે સભ્યશ્રીઓ........**